# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
(Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/૧૭૬૪૮ ૧૦/૦૮/૨૦૧૮

પરિપત્ર-૫૬૨

વિષય- લઘુમતિ જાતિ ના વિદ્યાર્થીઓ માટેની ભારત સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના વર્ષ:૨૦૧૮-૧૯ માં ઓનલાઈન અરજી કરવા બાબત.

સંદર્ભ- જિલ્લા નાયબ નિયામક(વિ.જા) તા.૦૬/૦૮/૨૦૧૮ના પત્ર નં.ના.નિ/વિ.જા/લ.પો.મે.શિ/પરિ/ ૧૮/૧૯/૫૯૭૬-૬૧૭૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પરિપત્ર અન્વયે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પીજી કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ ને જણાવવાનું કે ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય નવી દિલ્હી દ્વારા અમલિત મુસ્લીમ, શીખ, ખ્રિસ્તી, પારસી, બૌદ્ધ અને જૈન ધાર્મિક લઘુમતિ જાતિઓના વિદ્યાર્થીઓ કે જેઓ ધો.૧૧ થી પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા હોય તેમજ ધો.૧૧-૧૨ સમકક્ષ હોય તેવા વ્યવસાયિક અભ્યાસક્રમોમાં NCVT (નેશનલ કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ સાથે જોડાયેલ સંસ્થાઓમાં) અભ્યાસ કરતા હોય તેમજ ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ/એમ.ફીલ/પી.એચ.ડી.ના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ મેળવવા અંગેની તમામ કાર્યવાહી માટે સરકારશ્રી દ્વારા OSMS(ઓનલાઈન સ્કોલરશીપ મેનેજમેન્ટ સિસ્ટમ) દાખલ કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ www.scholarships.gov.in (N.S.P.2.0) વેબસાઈટ પર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. જેની જાણ આપની કોલેજમાં અભ્યાસ કરતા સંબંધિત વિદ્યાર્થીઓને કરવા વિનંતી છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા.

બિડાણ- પરિપત્ર, જિલ્લા નાયબ નિયામક (વિ.જા)ની કચેરી, ગોધરા, જિ.પંચમહાલ

પ્રતિ

- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પીજી કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નં.ના.નિ/વિ.જા/લ.પો.મે.શિ/પરિ/૧૮/૧૯/૫૯૭૬–૬૧૭૬
જિલ્લા નાયબ નિયામક(વિ.જા)ની કચેરી
જિલ્લા સેવા સદન–૨, પહેલો માળ,
કલેકટર કચેરીના કંપાઉન્ડમાં
☎ ૦૨૬૭૨–૨૪૦૫૩૩
ઈમેલ: swo-pan@gujarat.gov.in
તા.૦૬/૦૮/૨૦૧૮

# પરિપત્ર

**વિષય : લઘુમતિ જાતિ ના વિદ્યાર્થીઓ માટેની ભારત સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના વર્ષ : ૨૦૧૮–૧૯ માં ONLINE અરજી કરવા બાબત**

સંદર્ભ : માન. નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગુ.રા.ગાંધીનગર ના પત્ર ક્રમાંક/વિજાક /શિક્ષણ/ ૨૦૧૮–૧૯/૨૮૯૫–૨૯૨૭ તા. ૩૧/૦૭/૨૦૧૮

ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય નવી દિલ્હી ધ્વારા અમલીત મુસ્લીમ, શીખ, ખ્રિસ્તી, પારસી, બૌધ્ધ અને જૈન ધાર્મિક લઘુમતિ જાતિઓના વિદ્યાર્થીઓ કે જેઓ ધો.૧૧ થી પી.એચ.ડી. સુધીના અભ્યાક્રમોમાં અભ્યાસ કરતાં હોય તેમજ ધો.૧૧–૧૨ ની સમકક્ષ હોય તેવા વ્યવસાયિક અભ્યાસક્રમોમાં NCVT (નેશનલ કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીગ સાથે જોડાયેલ સંસ્થાઓમાં) અભ્યાસ કરતાં હોય તેમજ ગ્રેજયુએટ/પોસ્ટ ગ્રેજયુએટ/એમ.ફીલ /પી.એચ.ડી.ના અભ્યાસક્રમો તથા આઈ.ટી.આઈ.વોકેશનલ અભ્યાસક્રમો /ડીપ્લોમા અભ્યાસ ક્રમો તથા પી.ટી.સી.ના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ મેળવવા અંગેની તમામ કાર્યવાહી માટે સરકારશ્રી ધ્વારા **OSMS** (***ઓનલાઈન સ્કોલરશીપ મેનેજમેન્ટ સિસ્ટમ***) દાખલ કરવામાં આવેલ છે.જે ધ્યાને લઈ **www.scholarships.gov.in (N.S.P.2.0)** વેબસાઈટ પર **ONLINE** અરજીઓ મંગાવવામાં આવે છે.

❖ ***નિયમો અને જોગવાઈઓ :–***

- ધો.૧૧,૧૨, સ્નાતક, અનુસ્નાતક થી પી.એચ.ડી. સુધીના તકનીકી અને ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓ/ઔદ્યોગીક તાલીમ કેન્દ્રો (NCVT) સાથે સંકળાયેલ વ્યવસાયીક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં ધાર્મિક લઘુમતી જાતીઓના વિદ્યાર્થીઓને આ શિષ્યવૃતિ મળવાપાત્ર છે. આદ્યૌગીક તાલીમ સંસ્થાઓ/ઔદ્યોગીક તાલીમ કેન્દ્રો માં ચાલતા અભ્યાસ ક્રમની મુદત ઓછામાં ઓછી એક વર્ષ હોવી જોઈએ.એક વર્ષ કરતાં ઓછા સમયગાળાના અભ્યાસક્રમો માટે શિષ્યવૃતિ મળવાપાત્ર થશે નહી.
- વિદ્યાર્થી ધાર્મિક લઘુમતી જાતીનો હોવો જોઈએ. ધાર્મિક લઘુમતી જાતિઓ આ મુજબ છે.
  (૧) મુસ્લીમ, (૨) ખ્રિસ્તી, (૩) શીખ, (૪) પારસી, (૫) બૌધ્ધ, (૬) જૈનવિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦% થી વધુ ગુણ મેળવેલ હોવા જોઈએ. વિદ્યાર્થીએ અન્ય કોઈ શિષ્યવૃતિ યોજનાનો લાભ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીએ આ શિષ્યવૃતિ યોજનામાં અરજી કરવી નહી.
- વિદ્યાર્થીના માતા–પિતા/વાલીની આવકના બધા સાધનોમાંથી મળીને કુટુંબની ગત વર્ષની કુલ વાર્ષિક આવક રૂા.૨.૦૦ થી વધુ ન હોવી જોઈએ.

- એક કુટુંબના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ શિષ્યવૃતિ મળવા પાત્ર રહેશે.
- રાજય બહાર અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ જે રાજયમાં અભ્યાસ કરતા હોઈ ત્યાંની કોલેજ/સંસ્થા મારફતે ONLINE અરજી કરવાની રહેશે.તે સિવાયના ગુજરાત રાજયમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ www.scholarships.gov.in(N.S.P.2.0) વેબસાઈટ પર ONLINE અરજી કરવાની રહેશે.
- **વિદ્યાર્થીએ અરજી કરતી વખતે આધાર નંબર લખવો તથા આધાર નંબર ONLINE અરજીમાં આપવામાં આવેલ બેંક એકાઉન્ટ સાથે LINK કરાવો ફરજિયાત છે.**
- આ યોજના હેઠળ શિષ્યવૃતિની રકમ DBT(ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર) ધ્વારા વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં સીધે સીધી જમા થવાથી હોવાથી ઓન લાઈન અરજી ફોર્મમાં નામ,અટક,પિતાનું નામ, બેંક એકાઉન્ટ મુજબ વિધાર્થીનું પોતાનું જ હોવુ જરૂરી છે. જેથી વિદ્યાર્થીએ કાળજી પૂર્વક વિગતો સાચી આપવાની રહેશે. અત્રેથી ઓન લાઈન અરજી ફોર્મમાં કોઈપણ જાતના સુધારા કરવા શકય નથી. જેથી ખોટી વિગતો ભરનાર વિધાર્થીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય નવી દિલ્હીના **P.F.M.S.** સિસ્ટમના પેમેન્ટ વખતે બેંક વેરીફીકેશનમાં ખોટી માહિતી હશે તો શિષ્યવૃતિ નામંજુર થવા પાત્ર રહેશે.

## ❖ વિધાર્થીઓ માટે ONLINE અરજી કરવાની પ્રક્રિયા :

- **Fresh** વિદ્યાર્થીએ નવું રજિસ્ટ્રેશન કરી **GJ201819********* વાળુ **Parment ID** મળે તેના આધારે નવું ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.
- વર્ષ : ૨૦૧૮–૧૯ માં જે વિદ્યાર્થીના બેન્ક ખાતામાં શિષ્યવૃતિ જમા થઈ હોય તેવા વિદ્યાર્થીઓએ ફરજીયાત (RENEWAL) અરજી પોતાના ગત વર્ષના ID જન્મ તારીખ ને પાસવર્ડ તરીકે ઉપયોગ કરી કરવાની રહેશે.
- સૌપ્રથમ ઉપરોકત દર્શાવેલ www.scholarships.gov.in. **(N.S.P.2.0)**વેબસાઈટ પર જઈ નવા (FRESH) વિદ્યાર્થીઓએ New User ? Register Now બટન પર કલીક કરવાની રહેશે. ત્યાર બાદ વિધાર્થીએ દર્શાવેલ ફોર્મમાં પોતાની પ્રાથમિક માહિતી ભરવાની રહેશે. તે પછી વિદ્યાર્થીને પોતાનો Student Registration ID મળશે. નવા (FRESH) વિદ્યાર્થીઓએ Student Registration ID મળ્યા બાદ તથા જુના (RENEWAL) વિદ્યાર્થીઓએ ગત વર્ષના Student Registration ID વડે Apply to Renewal બટન પર કલીક કરી લોગીન થઈ Registration Detail, Academic Detail, Basic Detail ભર્યા બાદ Save & Continue બટન પર Click કરી બીજા ભાગમાં રહેલ ફોર્મમાં Contact Detail, Scheme Detail ના વિકલ્પમાં તમામ માહિતી ભરવાની રહેશે. વિદ્યાર્થીએ Scheme Detail ના વિકલ્પમાં દર્શાવેલ યોજના પૈકી પોસ્ટ મેટ્રીક

યોજના સિલેકટ કરવાની રહેશે. તમામ માહિતી ભર્યા બાદ Final Submit બટન પર કલીક કરવાની રહેશે. વિદ્યાર્થીએ પોતાનુ Student Registration ID અભ્યાસ ચાલુ રહે ત્યાં સુધી શિષ્યવૃતિનો લાભ લેવા માટે જાળવી રાખવાનું રહેશે. ખાસ ધ્યાનમાં રાખવાનું કે Final Submit ન કરેલ અરજી માન્ય ગણાશે નહિ અને તેના પર કોઈ પણ પ્રક્રિયા થઈ શકશે નહિ. વિદ્યાર્થી ભરેલ શિષ્યવૃતિની અરજી જાળવી(સાચવી) રાખવા માટે અરજીની Print Your Application બટન પર કલીક કરી પ્રિન્ટ આઉટ લઈ શકશે.

- પોષ્ટ મેટ્રીકમાં **Online** અરજીમાં કોઈ ડોકયુમેન્ટ **Upload** કરવાના નથી. પરંતુ **Online** ફ્રેશ/રીન્યુઅલ અરજી ભર્યાબાદ **Print Option** માં જઈ અરજીની પ્રિન્ટ લઈ અરજી સાથે લઘુમતી પ્રમાણપત્ર/ધર્મ અંગે સેલ્ફ ડિકલેરેશન,શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ, સક્ષમ અધિકારીશ્રીનું આવકનું પ્રમાણપત્ર, વાર્ષિક ફીની પહોંચ, ગત વર્ષની માર્કશીટની નકલ, બેંન્ક એકાઉન્ટની પાસ બુકની કોપી વિગેરે જેવા ચાલું વર્ષની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના તમામ સાધનિક પુરાવા હાર્ડકોપી સાથે સામેલ કરી પોતાની શાળા/કોલેજના આચાર્યશ્રી/પ્રિન્સીપાલશ્રી/રજીસ્ટારને/ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજમાં/યુનિવર્સીટીમાં અરજીની હાર્ડ કોપી સાધનિક કાગળો સાથે નિયત સમય મર્યાદામાં આપવાની રહેશે. જિલ્લા કચેરીએ મોકલવાની રહેતી નથી.
- વિદ્યાર્થીઓને **National Scholarship Portal** માં એક જ વખત અરજી કરવા સુચના આપવામાં આવે છે. એક થી વધુ વખત કરેલી **Fresh** કે **Renewal** અરજીઓને **Duplicate** ગણી પોર્ટલ ધ્વારા રદ કરવામાં આવશે.
- અરજી સાથે સામેલ રાખેલ પુરાવાઓમાં કોઈ વિદ્યાર્થી/પિતા વાલી તરફથી ખોટી માહિતી પુરી પાડવામાં આવશે અને સરકારશ્રીના ધ્યાન પર આવ્યેથી અલ્પ સંખ્યક કાર્ય મંત્રાલય, નવી દિલ્હીની સુચના મુજબ તેઓ પર કાયદાકીય પગલા લેવામાં આવશે.

## ❖ <u>શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ કરવાની થતી પ્રક્રિયા :</u>

- ગત વર્ષે જે શાળા/કોલેજ/સંસ્થા **National Scholarships Portal** પર રજીસ્ટર્ડ થઈ ગયેલ હોય તેઓએ પોતાના ગત વર્ષના **User-ID/PASSWORD** નો ઉપયોગ કરી અરજી વેરી ફીકેશન કરી **Forward/Reject/Defect** કરવાની રહેશે.
- દરેક શાળા/કોલેજ/સંસ્થાએ પોતાના **Online** એકાઉન્ટમાં લોગીન થઈ **"Scrutiny"** ની પ્રક્રીયા કરવાની રહેશે. જેમાં સૌપ્રથમ **Institution Details** માં શાળાની માહિતી ભરવાની રહેશે. ત્યારબાદ વિધાર્થીની અરજીની ચકાસણી કરી તેને **Online** ફોરવર્ડ કરવાની રહેશે. જો શાળા/સંસ્થાએ આગળની **Online** પ્રક્રિયા કરી ફોરવર્ડ કરેલ ન હોય તો વિધાર્થીની અરજી પર આગળની પ્રક્રિયા થઈ

શકશે નહી. જે શાળા/સંસ્થાને પોતાનો **Id** તથા **Password** મેળવવાનો બાકી હોય તેઓએ જિલ્લા કક્ષાએથી મેળવી લેવાનો રહેશે.

- દરેક શાળા/કોલેજ/સંસ્થાના અભ્યાસક્રમો દર્શાવેલ છે કે નહી તે ચકાસી લેવું જો કોઈ અભ્યાસ ક્રમ ન જણાય તો તેને **Add** કરવાના રહેશે.
- વિધાર્થી ધ્વારા ઓનલાઈન અરજી ફોર્મમાં વિધાર્થીનું નામ,અટક,પિતાનું નામ,બેંકનું નામ, બેંક એકાઉન્ટ નંબર, આઈ.એફ.સી.કોડ, શાળાનું નામ, ટકા, આવક તેમજ શાળા ધ્વારા લેવાતી ટયુશન ફી અને એડમીશન ફીની વિગતો બરાબર છે કે નહી તેની કાળજી પૂર્વક ચકાસણી કરવાની રહેશે.
- દરેક શાળા/સંસ્થા/કોલેજના આચાર્યશ્રી/પ્રિન્સીપાલશ્રીએ પોતાની શાળાના તમામ વિદ્યાર્થીઓની અરજીની હાર્ડકોપી જરૂરી સાધનિક પુરાવાઓ સાથેની સ્વીકારી સમય મર્યાદામાં પોતાને મળેલ તમામ અરજીઓ માટે શાળાના **User Id** તથા **Password** નો ઉપયોગ કરી અરજીની હાર્ડકોપીના આધારે **Online** અરજી મંજુર/નામંજુર કરી જિલ્લા લેવલે **FORWARD** કરવાની રહેશે. તેમજ હાર્ડ કોપી શાળાઓએ રેકર્ડમાં રાખવાની રહેશે.
- વિધાર્થીની શિષ્યવૃતિ માટેના અરજી નીચે દર્શાવેલ પ્રક્રિયા પસાર થશે.

  <u>વિધાર્થી →શાળા/કોલેજ/સંસ્થા →જિલ્લા કચેરી → રાજય →કેન્દ્ર</u>

- શાળા/કોલેજ ઉપરોક્ત વેબસાઈટમાં પોતાની શાળા/કોલેજનું લીસ્ટમાં નામ ન હોય તેવી શાળા/સંસ્થાએ પોતાનું સીધું રજીસ્ટ્રેશન <u>**www.scholarships.gov.in.(N.S.P.2.0)** પર</u> **Iinstitute Registration** માં જઈ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- દરેક શાળા/કોલેજએ પોતાના Online એકાઉન્ટમાં શાળાની માંગેલ વિગતો ફરજીયાત ભરવાની રહેશે.
- શિષ્યવૃતિને પાત્ર કોઈ બાળક રહી ના જાય તે બાબતની કાળજી શાળા/સંસ્થાએ રાખવાની રહેશે. આ બાબતે ભવિષ્યમાં કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી જે તે શાળા/કોલેજની અંગત રહેશે.
- નવુ (FRESH) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૧૮
- જુના (RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૧૮

## ❖ <u>અરજી સાથે રજૂ કરવાના થતાં આધાર પુરાવા.</u>

- ➢ આધારકાર્ડ
- ➢ નવા ફ્રેશ વિદ્યાર્થીઓએ છેલ્લા અભ્યાસક્રમ ધોરણ–૧૦ થી ૧૨/ડીપ્લોમા/સ્નાતક/અનુસ્નાતકની માર્કશીટની નકલ/ જુના રીન્યુઅલ વિદ્યાર્થીઓએ છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની નકલ
- ➢ વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલા ની ખરી નકલ.

- ➢ વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતિ હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલાની ખરી નકલ.
- ➢ વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃતિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા ફી ની પહોંચની નકલ.
- ➢ વિદ્યાર્થીની બેંક પાસબુકની નકલ.
- ➢ વિદ્યાર્થીનું સહી કરેલ Declaration ફોર્મ (**Website**) માં દર્શાવેલ નમુના પ્રમાણે)
- ➢ શાળા/કોલેજ/સંસ્થા ધ્વારા ચકાસણી થયેલ તથા સહી/સિક્કા કરાવેલ ફોર્મ.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**ગોધરા જિ.પંચમહાલ.**

**જિલ્લા નાયબ નિયામક**
**(વિ.જા) ગોધરા,જિ.પંચમહાલ**

**O.I.G.S.** **BOOK-POST**

પ્રતિ,
આચાર્યશ્રી,
.......................................................
.......................................................
મુ.................... તા.................... જી. પંચમહાલ

રવાનગી કારકુન
જિલ્લા નાયબ નિયામક
(વિ.જા) ગોધરા,જિ.પંચમહાલ

*નકલ રવાના :–*

૧. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તેલંગ હાઈસ્કુલના કંમ્પાઉન્ડમાં, ગોધરા, જિ. પંચમહાલ તરફ જાણ સારૂ.

૨. કુલપતિશ્રી, ગોવિંદગુરૂ યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર તા. ગોધરા જિ. પંચમહાલ તરફ જાણ સારૂ.

*નકલ સવિનય રવાના :–*

૧. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, (ગુજરાત રાજ્ય) ગાંધીનગર

## Website: - www.scholarships.gov.in પોસ્ટ મેટ્રિક માટે ONLINE અરજી કરવાની જાહેરાત

### ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી ધ્વારા અમલીત

### "મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌધ્ધ, જૈન" લઘુમતીના વિધાર્થીઓ માટે "પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના".

### ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ધાર્મિક લઘુમતીના વિધાર્થીઓ કે જેઓ ધો.૧૧ થી પી.એચ.ડી સુધી તેમજ તકનીકી વ્યવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો (NCVT સાથે જોડાયેલ હોય તેવી સંસ્થાઓમાં) ધો.૧૧-૧૨ની સમકક્ષના અભ્યાસ કરતાં વિધાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મળેલ ન હોય તેવા નવા(FRESH) વિધાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા જુના(RENEWAL) વિધાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૧૮-૧૯ માં શિષ્યવૃત્તિ મેળવવા નીચેની શરતોને આધીન રહી ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ ONLINE રજુ કરવાની હોય વિદ્યાર્થીઓ દ્વારા ઉપરોક્ત દર્શાવેલ www.scholarships.gov.in વેબસાઈટ પર જઇ અરજી કરવાની રહેશે. જુના(RENEWAL) વિદ્યાર્થીઓ પોતાનો ગત વર્ષના અરજીનો ID નો ઉપયોગ કરીને અરજી કરી શકશે. ગત વર્ષે ONLINE અરજી કરેલ હોય અને શિષ્યવૃત્તિ મંજુર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ જો જે તે અભ્યાસક્રમ ચાલુ હોય તો વર્ષ ૨૦૧૮-૧૯ માં નવા(FRESH) તરીકે ONLINE અરજી કરવાની રહેશે.

આ યોજનામાં જે વિધાર્થીઓને રૂ. ૫૦,૦૦૦/- કરતા ઓછી શિષ્યવૃત્તિ મળવાની હોય તેવા વિધાર્થીઓએ વેબસાઇટ પર સાધનિક પુરાવા UPLOAD કરવાના રહેશે નહિ તથા તેવા વિદ્યાર્થીઓએ અરજીની હાર્ડકોપી સાધનિક પુરાવા સહિત વિદ્યાર્થી પોતે અભ્યાસ કરતા હોય તે કોલેજ / સંસ્થામાં જમા કરવાની રહેશે. તે હાર્ડકોપી સંસ્થાએ પોતાની કરવાની થતી ONLINE કામગીરી કરી સંસ્થામાં રેકર્ડ માટે રાખવાની રહેશે તથા કોઇ હાર્ડકોપી જિલ્લા કચેરી કે ગાંધીનગર કચેરીએ મોકલવાની રહેતી નથી. વિદ્યાર્થીઓને ONLINE ફોર્મ ભરવામાં મદદરૂપ થઈ શકે તેવા FAQs તથા SERVICES મેનુમાં NSP 2.0 user Manual WEBSITE પર UPLOAD કરેલ છે.

<u>પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે માટે અરજી કરવાની પ્રક્રિયા (વિદ્યાર્થી માટે):-</u> સૌપ્રથમ ઉપરોક્ત દર્શાવેલ www.scholarships.gov.in વેબસાઇટ પર જઇ નવા(FRESH) વિદ્યાર્થીઓએ New Registration બટન પર ક્લીક કરવાની રહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ જોવા મળતી Guideline (માર્ગદર્શિકા) નો અભ્યાસ કરી નીચે આપેલ Continue બટન પર ક્લીક કરવાની રહેશે તથા દર્શાવેલ ફોર્મમાં પોતાની પ્રાથમિક માહિતી ભરવાની રહેશે. Identification Detail માં આધાર નંબર Select કર્યેથી ફરજીયાત આધાર નંબર આપવાનો રહેશે અથવા Bank A/C Number Select કર્યાબાદ Bank Passbook ની SCAN કરેલી કોપી (PDF & JPEG Maximum size 200 KB) ફરજીયાત UPLOAD કરવાની રહેશે. તે પછી Register પર કલીક કરવાથી વિદ્યાર્થીને પોતાનો Permanent Student Registration ID મળશે. નવા(FRESH) વિદ્યાર્થીઓએ Student Registration ID મળ્યા બાદ તથા જુના(RENEWAL) વિદ્યાર્થીઓએ ગત વર્ષના Student Registration ID વડે Login to Apply બટન પર ક્લીક કરી લોગીન થઇ Registration Detail, Academic Detail, Basic Detail, Bank Detail, Contact Detail, અને Scheme Detail, ના વિકલ્પ પર જઇ તમામ માહિતી ભરવાની રહેશે. તમામ માહિતી ભર્યા બાદ Final Submit બટન પર ક્લીક કરવાની રહેશે. જે વિદ્યાર્થીએ અભ્યાસ ચાલુ રહે ત્યાં સુધી શિષ્યવૃત્તિનો લાભ લેવા માટે Student Registration ID જાળવી રાખવાનું રહેશે. ખાસ ધ્યાનમાં રાખવાનું કે Final Submit ન કરેલ અરજી માન્ય ગણાશે નહી અને અરજી કરવાની છેલ્લી તારીખ પૂર્ણ થયા બાદ તેના પર કોઇ પણ પ્રક્રિયા થઇ શકશે નહિ. વિદ્યાર્થી ભરેલ શિષ્યવૃત્તિની અરજી જાળવી(સાચવી) રાખવા માટે અરજીની Printout બટન પર ક્લીક કરી પ્રિન્ટ આઉટ લઇ શકશે. વિધાર્થીઓએ અરજીની હાર્ડકોપી કચેરીને મોકલવાની રહેતી નથી પરંતુ નીચેના સાધનિક પુરાવા સાથે શાળા / કોલેજમાં જમાં કરાવવાની રહેશે. વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ માટેની અરજી નીચે દર્શાવેલ પ્રક્રિયામાંથી પસાર થશે. વિદ્યાર્થીઓને National Scholarship Portal માં એક જ વખત અરજી કરવા સુચના આપવામાં આવે છે. એક થી વધુ વખત કરેલી FRESH કે RENEWAL અરજીઓ પોર્ટલ દ્વારા રદ કરવામાં આવશે.

<u>શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ કરવાની પ્રક્રિયા :-</u>

શાળા/કોલેજો/સંસ્થાઓએ પોતાના ONLINE એકાઉન્ટમાં લોગીન થઇ SCRUTINY ની પ્રક્રિયા કરવાની રહેશે, જેમાં વિદ્યાર્થીની સાધનિક પુરાવા સાથે મળેલ હાર્ડકોપીની અરજીની ચકાસણી કરી તેને ONLINE ફોરવર્ડ કરવાની રહેશે. જો કોલેજ/સંસ્થાએ આગળની ONLINE પ્રક્રિયા કરી ફોરવર્ડ કરેલ ન હોય તો વિદ્યાર્થીની અરજી પર આગળની પ્રક્રિયા થઇ શકશે નહિ જેથી કોલેજો/સંસ્થાઓએ ખાસ પોતાનો આઇ.ડી. તથા પાસવર્ડ જિલ્લા/રાજ્યકક્ષાએથી મેળવી લેવાના રહેશે.

<u>યોજનાની શરતો</u>:- www.scholarships.gov.in ના DASHBOARD પર આપેલ Central Schemes > Ministry of Minority Affairs > Guidelines માં આપેલ યોજનાની શરતો ધ્યાને લઇ અરજી કરવાની રહેશે. આ શિષ્યવૃત્તિ યોજનાની વધુ વિગત અહિં દર્શાવેલ WEBSITE પરથી મેળવી શકાશે.

1) www.scholarships.gov.in 2) www.minorityaffairs.gov.in

નવુ (FRESH) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ:- 30/0૯/૨૦૧૮ જુના(RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ:-30/0૯/૨૦૧૮

<u>ONLINE અરજીની હાર્ડ કોપી સાથે આપવાના થતા આધાર-પુરાવા:-</u>

૧. નવા(FRESH) વિદ્યાર્થીઓએ છેલ્લા અભ્યાસક્રમ ધો.૧૦ થી ૧૨/ ડિપ્લોમા/ સ્નાતક/ અનુ-સ્નાતકની માર્કશીટની નકલ / જુના(RENEWAL) વિદ્યાર્થીઓએ છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની નકલ ૨. વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલાની ખરી નકલ ૩. વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલાની ખરી નકલ ૪. વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફી ની પહોંચની નકલ ૫. વિદ્યાર્થીની બેન્ક પાસબુકની નકલ ૬. વિદ્યાર્થીનું સહી કરેલ DECLARATION ફોર્મ ૭. શાળા / કોલેજ / સંસ્થા દ્વારા ચકાસણી થયેલ તથા સહી/સિક્કા કરાવેલ ફોર્મ.

(કે.જી. વણઝારા)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર